# જ્વેલટેક પ્રદર્શન નાના ઉદ્યોગકારોને વધુ ઉપયોગી બનશે : આગમ સંઘવી

## ઇનડોર સ્ટેડિયમ ખાતે સીઆઇઆઇ દ્વારા પ્રદર્શનનું આયોજન



ઈન્ડોર સ્ટેડિયમ ખાતે યોજાયેલા જ્વેલટેક - ૨૦૦૮ પ્રદર્શનમાં હીરાઉદ્યોગકારોએ ટેક્નોલોજીનો અભ્યાસ કર્યો હતો. - જિતેન્દ્ર જાડિયા

ભાસ્કર ન્યૂઝ | સુરત

કન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રીઝ દ્વારા આયોજિત બે દિવસીય જ્વેલટેક-૨૦૦૮નું આજે ગુજરાત હીરાબુર્સના પ્રમુખ અને સંઘવી ડાયમંડના ડિરેક્ટર ચંદ્રકાંતભાઈ સંઘવીના હસ્તે ઈન્ડોર સ્ટેડિયમ ખાતે ખુલ્લુ મૂકાયું હતું.

જ્વેલટેક-૨૦૦૮ પ્રદર્શનના ચેરમેન આગમ સંઘવીએ જણાવ્યું હતું કે, આવા પ્રદર્શનોને કારણે નાના વેપારીઓ અને ઉત્પાદકોને ઘણો ફાયદો થશે. કારણ કે, ટેક્નોલોજીના ઉપયોગથી તેમની કાર્યદક્ષતા તથા નફાશક્તિમાં ઘણો મોટો ફરક પડી શકે તેમ છે. લેક્સસ ટેક્નોલોજીના જનકભાઈ મિસ્ત્રીએ જણાવ્યું હતું કે, પ્રદર્શનના આયોજનનો આશય એ છે કે, ડાયમંડ ઉદ્યોગમાં ઘણી એવી ટેક્નોલોજી ઉપલબ્ધ છે, જેની ઘણા લોકોને જાણકારી હોતી નથી અથવા તેના ઉપયોગથી અજાણ હોય છે. દા.ત. ઘણા લોકો ઈન્ટરનેટનો ઉપયોગ કરતા હોય છે પરંતુ ઈન્ટરનેટના વ્યાપક ઉપયોગની ઘણા લોકોને જાણકારી નથી. આજે ઈન્ટરનેટ દ્વારા ઘણા લોકો ઓનલાઈન ટ્રેડિંગ કરી શકે છે.

સહજાનંદ લેસર ટેક્નોલોજી લિ.ના શૌનક દવેએ જણાવ્યું હતું કે, કંપનીએ અગાઉ જ્વેલટેક પ્રદર્શનમાં લેટર



મશીનો મૂક્યા હતા. જેના પ્રતિસાદમાં ૩૦૦ જેટલા મશીનો એક જ વર્ષમાં કંપનીએ સુરતમાં વેચાણ કર્યા છે. આ વખતે કંપનીએ વિશ્વનું સૌથી નાનું ઓલ્ડફ્લોરિટી ટેસ્ટર હાઈફ્લોરિટી મશીન રજૂ કર્યું છે. જ્વેલટેક ૨૦૦૮માં શનિ અને રવિ બે દિવસ કોન્ફરન્સનું પણ આયોજન હાથ ધરવામાં આવ્યું છે. જે મુજબ શનિવારે પરાગ શાહ, સિદ્ધાર્થ મહેતા, જનક મિસ્ત્રી, ક્રિસ્ટીના જેડરાસજાક વગેરે તજજ્ઞોએ જુદા જુદા વિષયો પર ચર્ચા કરી હતી.

રવિવારે યોજાનારા કાર્યક્રમોમાં સાંજે ૫-૩૦ કલાકે અન્ય કાર્યક્રમની જાણકારી આગમ સંઘવી દ્વારા આપવામાં આવશે. ત્યારબાદ ટેક્નોલોજી દ્વારા શ્રેષ્ઠ ઉત્પાદન વિષય પર લેમન ટેક્નોલોજીસના નિરવ જોગાણી વક્તવ્ય આપશે. ૬-૦૫ કલાકે હીરા અને ઝવેરાત લઘુ ઉદ્યોગની મહત્ત્વતા માટે આઈસીટીની મુખ્ય ભૂમિકા વિષય પર માઈક્રોસોફ્ટના પ્રતિનિધિ ચર્ચા કરશે. ૬-૩૦ કલાકે આગમ સંઘવી ટેક્નોલોજીના સોલ્યુશન્સ પર ચર્ચા કરશે. રાત્રે ૭-૪૦થી ૮-૨૦ દરમિયાનના સેશનમાં પેનલ મોડરેટર તરીકે નીરવ જોગાણી સેવા આપશે. જ્યારે પેનલિસ્ટ તરીકે કે. ગીરધરલાલ કંપનીના પરાગ શાહ, વિનસ જ્વેલના સિતેશ શાહ વગેરે ઉપસ્થિત રહેશે.